સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

ખેંચાય લાંબાં આંદોલન ત્યારે વિશ્વાસ ખૂટે છે
સરકાર ચાલે ચાલ, કિસાનોનો સંપ તૂટે છે.
લૂંટે વેપારી લાગ જોઇ પર્દા પાછળ રહીને -
ને કપાસમાં રોજ નવા નવા ફણગા ફૂટે છે..
(ફાટ ને ફૂટ)

પત્ર-વેવાર,
છે લટુડાં-પટુડાં -
'શરીફી' દંભ!

એમઓયુનું -
દર વર્ષની જેમ -
છે મોક ડ્રીલ!!

(બાજપાઇને અભિનંદન પત્રો) (કાર્યરત થતા નથી)

ચિંતન

વિવર્ણ વચને મૃત્યુ ગુટો અપ્યયન્તઃ પ્રકાશતે । ઇન્ધનાન્તર સંસ્થૈશ્ચ જ્વલ ત્યાગ્નિઃ પયઃ કણૈઃ ॥

જેમ લાકડામાં અંદરના ભાગે રહેતો શાંત અગ્નિ જ્યારે પ્રજ્વલિત થાય ત્યારે તે અગ્નિ તણખા સ્વરૂપ તતળાટ કરી (અવાજ કરી) આમતેમ ઉડવા લાગે છે. અર્થાત તણખા ભડભડ ઉડે છે અને અગ્નિ પ્રજ્વલ્લિત થાય છે.

- એમ માણસની અંદર રહેલું મૃત્યુ જ્યારે નિકટ આવે છે ત્યારે તે પણ અસ્પષ્ટ-અસંબધ્ધ સંદર્ભ વિનાની વાતો - વચનો બોલવા માટે છે અર્થાત આવી છેલ્લી ક્ષણો ના આવા પ્રલાપને સનેપાત (સ્નેહપાત?!) કહેવામાં આવે છે. તેને લવરી-લવારો-બફાટ પણ કહે છે.

જીવનનો અંત એ, જિંદગીના કરેલાં કર્મોનો પડઘો છે સત્કર્મો કર્યાં હોય તો અંત સમયે ભજન-કીર્તન-સત્સંગ સાથે શાંતિ પ્રાપ્ત થાય છે પણ દુષ્કર્મો કર્યા હોય ત્યારે એ બધાં દૃશ્યો આંખ સામે આવી નૃત્ય કરે છે અને સનેપાત-લવારો ઉપડે છે. માટે જ 'સત્કર્મો' ની ટેવ પાડવા જણાવ્યુ છે.

દશરથ રાજાને અંતક્ષણે શ્રવણના માતાપિતાનો કકળાટ દેખાતો હતો.

સુવિચાર

- પ્રેમથી જે કામ થશે તે પૂર્ણ સુંદર થશે, તમારું લક્ષ્ય હંમેશા પૂર્ણતાનું રાખો - એસ. ભટ્ટાચાર્ય
- દેખાય હસતાં રમતાં જે ચહેરો જુદા જુદા, એની ઉપર છે કેટલાક પહેરા જુદા જુદા, જોજો જરા ચેતીને એને સ્વીકારીજો, મળશે ફૂલોના વેશમાં કાંટા જુદા જુદા- રિષભ ત્રિવેદી
- 'વજન નો અનુભવ ન કરાવે તેનું નામ સ્વજન' હળવાશએ સંબંધની સૌથી મોટી લાક્ષણિકતા છે - મોરારિ બાપુ
- જેનો અમલ કર્યા પછી મનને શાતા થાય સુખ મખે તે જ સાચી નિતિ - પૂજ્ય મોટા
- જીવતર એટલે શું? ભીતરથી વિચારાતું, ક્યારેક આંખથી બોલાતું, બરછટ છતાંયે સાવ સુંવાળુ, સ્પર્શ વિના છોલાતું, વણ વગાડે વાગતું, કાયમ જબરૂ જંતર - હરકિસન મહેતા
- કામનો યશ કોને મળશે એ જોયા વિના કામ કરવું એ જ કામ કરવાની અને યશસ્વી થવાની સારામાં સારી રીત છે - વજુ કોટક
- જે ઘરમાં માબાપ મહેમાન એ ઘરમાં રાજી નહીં રહે ભગવાન - રાજચંદ્ર

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

જો તમારે આત્મોન્નતિ કરવી હોય, પ્રગતિ કરવી હોય સફળ થવું હોય તો નિયમિતતાના, આહાર-વિહારના તમે નક્કી કરેલાં ધોરણોને ચૂસ્ત રીતે વળગી રહેવું (નવ વાગે સૂઇ જવું- ચાર વાગ્યે ઉઠવું - બહારનું કંઇક જ ન ખાવું) લોકો તમને વેદિયા, એકલપેટા, નિરસ કહેશે પણ કોઇનું કંઇ જ સાંભળવું જ નહીં, બહેરા થઇ જવું.

એકવાર દેડકાઓ એ ઊંચા ટાવર પર કૂદકા મારી ચઢી જવાની સ્પર્ધા રાખી - ટાવર ખૂબ ઊંચો હતો. લોકોને ખબર પડી - ટોળાં એકત્ર થયાં. ટીકા કરવા લાગ્યા. આવી સ્પર્ધા ન રખાય. જીવથી જવાના વગેરે - કેટલાંક તો આ ટીકા સાંભળી હતાશ થઇ ગયા અને સ્પર્ધામાંથી ખસી ગયા. કેટલાયે શરૂઆત કરી કેટલાક ઘણું ઊંચે ચઢી શક્યા પણ ટીકા યાદ આવે ને પડે ને મરે...

બધાને એમ લાગ્યું કોઇ જ દેડકો સફળ થશે નહીં - પરંતુ કેટલાકનું ધ્યાન ગયું- એક દેડકો છેક ઊંચે-શિખર સુધી પહોંચી ગયો હતો અને ત્યાંથી વિજયી ડ્રાઉ-ડ્રાઉ કરવા લાગ્યો. લોકોને હાર-તોરા તાળીઓ પાડી વધાવ્યો.

ફોટોગ્રાફર, પ્રેસ, ચેનલવાળાને ખોરાક મળી ગયો. દેડકાને પ્રશ્નો પૂછવા લાગ્યા. પણ દેડકો કોઇને કંઇ જવાબ જ ન આપે, મૌન રહી બધાની સામે જોયા જ કરે! બધાને આશ્ચર્ય થયું.

ત્યાં, એક વૃદ્ધ જે આનો વડીલ હતો એણે કહ્યું એ જવાબ નહીં આપે 'બહેરો' છે અને તેથી જ એ સફળ થયો. કોઇની પ્રશંસા કે ટીકા એ સાંભળતો જ નથી. એટલે જ એ ચઢી શક્યો.

Email - sureshchandrabhatt18@gmail.com

એક પુસ્તક ઘણી વખત વ્યક્તિનું જીવન પલટાવી નાખે છે, પુસ્તક એ માત્ર પુસ્તક નથી, વ્યક્તિના (લેખકના) સમગ્ર જીવનનો નિચોડ છે, અનુભવપથ છે

પુસ્તક : યુગ અને સંસ્કૃતિના સક્ષક



મોરપીંછના રંગ
- ડૉ. કનૈયાલાલ ભટ્ટ

પૃથ્વી પર જ્યારથી ભાષાની શરૂઆત થઈ છે ત્યારથી આજ સુધી માનવી કાંઈક ને કાંઈક લખીને બીજાને વંચાવતો રહ્યો છે. લખવાની, વાંચવાની અને વિચારવાની ઈશ્વરદત્ત કલા કે ટેવ પૌરાણિક યુગના માનવીથી શરૂ કરીને હાલના યાંત્રિક યુગના માનવ સુધી વિસ્તરેલી છે. પરંતુ આ કલાને આખાય જીવન સુધી ભાગ્યે જ કોઈ જાળવી રાખે છે. આપણે મોટાભાગે અભ્યાસ પૂર્ણ કર્યા બાદ લખવાનું કે વાંચવાનું મૂકી દઈએ છીએ. એનું મુખ્ય કારણ છે આજનું શિક્ષણ. આપણે સંપૂર્ણપણે એમ ન કહી શકીએ કે આજની શિક્ષણ પ્રથા ખામીયુક્ત છે. પરંતુ એટલું ચોક્કસ કહી શકીએ કે આ પ્રથા કથળતી જાય છે. એમાં પરિવર્તન લાવવાની જરૂરિયાત ઊભી થઈ છે. કેમકે આજનો પ્રત્યેક વિદ્યાર્થી પરીક્ષામાં માત્ર પાસ થઈને ઉપરના વર્ગમાં બેસવાની લાયકાત મેળવવાથી વિશેષ કોઈ જ્ઞાન કે શિક્ષણ નથી મેળવતો. આજનો વિદ્યાર્થી દસમાં કે બારમાં ધોરણમાં આવે ત્યાં સુધી અને ઘણી વખત તો કૉલેજમાં આવે ત્યાં સુધી એ દેશની આર્થિક, સામાજિક, રાજકીય પરિસ્થિતિથી સાવ અજાણ હોય છે. વિજ્ઞાન ભણેલો વિદ્યાર્થી જ માનવ શરીરના કેટલાંક ગૂઢ રહસ્યોથી સાવ વંચિત રહે છે તેને વિજ્ઞાનમાં જે લખ્યું છે તે સત્ય લાગે છે. શાસ્ત્રોમાં છે તે નહીં. ઈતિહાસ ભણી ગયેલા લોકોને છત્રપતિ શિવાજી, મહારાણા પ્રતાપ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, કે સ્વામી વિવેકાનંદના જીવનના પ્રસંગોની કોઈ જાણ નથી હોતી. કે આજના મોટાભાગના વિદ્યાર્થીઓને નરસિંહ, પ્રેમાનંદ, અખો, દયારામ, નર્મદ, ન્હાનાલાલ, બ.ક. ઠાકોર, ઉમાશંકર, પન્નાલાલ, રાજેન્દ્ર શાહ કે રમેશ પારેખ કોણ છે એની પણ ખબર નથી હોતી.

આ બધાનું એક જ કારણ છે 'સારા પુસ્તકાલયનો અભાવ' દરેક સ્કૂલોમાં પુસ્તકાલયો હોતા નથી, હોય છે તો એને સારી કક્ષાએ લઈ જવાના પ્રયત્નો નથી કરાતા. જો પ્રાથમિક કક્ષાએથી જ અભ્યાસ સિવાયના બીજા પુસ્તકોનું વાંચન કરાવવામાં આવે. અન્ય બાળવાર્તાઓના પુસ્તકો પંચતંત્ર, હિતોપદેશ જેવા પુસ્તકો વંચાવવામાં આવે તો નાના-નાના બાળકોના જ્ઞાનતંતુઓ સતેજ બની શકે છે અને તેમનામાં જિજ્ઞાસા-વધુ નવું જાણવાની વૃત્તિ પણ કેળવાય છે. આજ આપણા શહેરોની શાળા-કૉલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પોતાની સ્કૂલ-કૉલેજોના કે શહેરના પુસ્તકાલયોનો ઉપયોગ કરે છે ખરા ? તો આંગળીના વેઢે ગણી શકાય એટલી સંખ્યા થશે. આજે આ કોમ્પ્યૂટર, ઈન્ટરનેટ અને મોબાઈલ યુગમાં આપણી વાંચવાની ભૂખ લૂપ્ત થતી જાય છે. માત્ર અભ્યાસક્રમ વાંચીને કે ગોખીને પાસ થઈ જનારા વિદ્યાર્થીઓ દેશને શું ઉપયોગી નીવડશે ?

આજનો યુવા વિદ્યાર્થી આપણા દેશનું ભાવિ છે. એને શિક્ષણ ઉપરાંત સારા પુસ્તકોના સંપર્કમાં લાવીને સમજદારીનું, જ્ઞાનનું, ઈતિહાસનું, સંસ્કૃતિનું પણ સાચું શિક્ષણ આપવું જોઈએ. આજે આપણે બાળકને કોમ્પ્યૂટરમાં ઈંગ્લિશ ગેમ્સ શીખવવી હોય તો સાથે આપણે આપણા બાળકોને સારા પુસ્તકો તરફ અભિમુખ કરીને એનામાં સંસ્કાર સિંચન અને જ્ઞાનનું શિક્ષણ પણ આપવું જોઈએ.

એક પુસ્તક ઘણી વખત વ્યક્તિનું જીવન પલટાવી નાખે છે. પુસ્તક એ માત્ર પુસ્તક નથી. વ્યક્તિના (લેખકના) સમગ્ર જીવનનો નિચોડ છે. અનુભવપથ છે. આપણે ગાંધીજી સાથે તો રહી નથી શકતા એમને મળી નથી શકતા પરંતુ એમની આત્મકથા 'સત્યના પ્રયોગો' વાંચવાથી ગાંધીજીનું સાનિધ્ય માણી શકાય છે. એક પુસ્તકની કેટલી મોટી તાકાત છે ? ડૉ. અબ્દુલ કલામ કંઈ રીતે રાષ્ટ્રપતિ પદ સુધી પહોંચ્યા ? ધીરૂભાઈ અંબાણી કઈ રીતે મધ્યમવર્ગમાંથી ઉદ્યોગપતિ બન્યા ? અમિતાભ સામાન્ય માણસમાંથી સદીના મહાનાયક કઈ રીતે બન્યા ? આ બધુ પુસ્તકોમાં શબ્દબદ્ધ-ભાવબદ્ધ છે.

આપણા દેશનો પ્રાચીન ઈતિહાસ, ઋષિમુનિઓનું જીવન, એ વખતની આશ્રમ વ્યવસ્થા, મધ્યકાળનો ભક્તિયુગ, નરસિંહ-મીરાંના પ્રેરણાદાયી જીવન, સ્વામી વિવેકાનંદ, સંતો,-મહાપુરુષો, રાજા-મહારાજાઓ, કલાકારો-સાહિત્યકારો, ઉદ્યોગપતિઓ, વૈજ્ઞાનિકો... આ બધાના જીવન અંગેના, પ્રવૃત્તિઓ અંગેના તમામ પ્રકારના પુસ્તકો આજે મળી રહે છે. હવે આપણે નક્કી કરવાનું છે કે આપણે વધારાના સમયમાં આપણા બાળકને ટી.વી. જોવા દેવું-વીડિયોગેમ રમવા દેવી કે કોઈ સારું પુસ્તક વાંચવા દેવું ! શક્ય છે કે આપણા બાળકને પણ ગાંધીજીની આત્મકથા કે સ્વામી વિવેકાનંદનું પુસ્તક કે ડૉ. અબ્દુલ કલામના જીવનમાંથી પ્રેરણા મળે અને એનામાં પણ મહાન વિચારોના ઝરણાઓ ફૂટી નીકળે. એનું જીવન પણ બદલાઈ જાય.

બાળકોમાં સંસ્કાર સિંચનનું જે કામ મા-બાપ નથી કરી શકતા કે શિક્ષક નથી કરી શકતા તે કામ પુસ્તકો કરે છે. કેમકે પુસ્તકો કોઈ વાત કે સિદ્ધાંત મનાવવા બળજબરી નથી કરતા. એ પોતાની અસર સીધી હૃદય પર કરે છે. મા-બાપ અને શિક્ષકોની વાતમાં આધિપત્ય હોય છે. જ્યારે પુસ્તકો મૌન રહીને નમ્રતાથી વાત શિખવી જાય છે અને તેથી જ પુસ્તકોને જ્ઞાનની પરબ કહી છે. આ પુસ્તકોએ આપણી આખી સંસ્કૃતિને-પરંપરાને - વ્યવસ્થાને સાચવી રાખી છે. ભલે પ્રાચીન યુગમાં પુસ્તકો નહોતા એ વખતે તામ્રપત્ર-શીલાલેખ કે અન્ય રીતે લેખનકાર્ય થતું પરંતુ આજે...? સમસ્ત સંસારના, બ્રહ્માંડના અને બ્રહ્માંડની પેલે પાર અન્ય બ્રહ્માંડોના પણ પુસ્તકો મળે છે. આજે મીડિયા યુગ છે. જ્ઞાનનો-માહિતીનો યુગ છે. કોમ્પ્યૂટર-મોબાઈલ યુગ છે. છતાંય આ ઈલેક્ટ્રોનિક્સ સાધનોમાં પણ યુગમાં પણ પુસ્તકનું મહત્વ બિલકુલ ઘટ્યું નથી. કેમકે પુસ્તકનો શબ્દ એ શાશ્વત છે. ચિરંજીવ છે. કોઈપણ ઈલેક્ટ્રોનિક્સ વસ્તુ ક્ષણભરમાં બગડી શકે છે. અટકી શકે છે, નાશ પામી શકે છે. જ્યારે પુસ્તક સ્થાયી છે. હંમેશાં સાથે રાખી શકાય છે. એ સાચા અને સારા મિત્રની ગરજ સારે છે. સગા-સ્નેહી-મિત્રો કે કોઈપણ વ્યક્તિ આપણને દગો દઈ શકે છે. પણ એક સારું પુસ્તક ક્યારેય આપણને છેતરતું નથી, દગો દેતું નથી, એ હંમેશાં આપણું માર્ગદર્શક બની રહે છે અને એટલે જ હજારો વર્ષ પહેલા રચાયેલા મહાભારત-રામાયણ-ગીતા જેવા ભારતીય સંસ્કૃતિના મહાગ્રંથોનું મૂલ્ય આજે પણ અમૂલ્ય છે. આ ગ્રંથો આજે પણ એટલા જ લોકપ્રિય છે.

એક પુસ્તકનું સર્જન સાવ એમ જ નથી થતું. ઘણી વખત લેખકના આખા જીવનનો અર્ક એક પુસ્તકમાં હોય છે અને એવા જ સત્ત્વશીલ પુસ્તકો અમરત્ત્વને પ્રાપ્ત કરી શકે છે. પુસ્તકો તો યુગ અને સંસ્કૃતિના રક્ષક છે. અને તેથી જ દરેક યુગના મહાન તત્વચિંતકોએ પુસ્તકનું મહત્ત્વ સ્વીકાર્યું છે. થોમસ કાર્લાઈલ કહે છે કે - પુસ્તક સંગ્રહ એ જ સાચું વિશ્વ વિદ્યાલય છે. રૂસી કવિ 'અનાતોલી સોફ્રોનોવ કહે છે કે, 'પુસ્તકો સાચા મિત્રો છે, તમારા પુસ્તકો ક્યારેય કોઈને વાચવા ન આપો. મારું પુસ્તકાલય બીજાઓના પુસ્તકોથી જ બનેલું છે.'



નેપોલિયન યુદ્ધ વખતે પણ પુસ્તકો સાથે લઈ જતો અને યુદ્ધ વિરામ વખતે પુસ્તકો વાંચીને શાંતિ-પ્રેરણા મેળવતો હતો. આવા તો અનેક ઉદાહરણો છે. આપણે કદીએ બ્રહ્માંડનું પરિભ્રમણ નથી કરી શકવાના પરંતુ પુસ્તક દ્વારા એ અનુભવ મેળવી શકીએ છીએ. જાણી શકીએ છીએ. આજે દુનિયાના તમામ વિષયોના પુસ્તકો, તમામ ભાષાના પુસ્તકો પ્રાપ્ત થાય છે. હા, કદાચ થોડા મોંઘા લાગતા હશે પરંતુ સો-બસો રૂપિયાની ફિલ્મ જોવી, સી.ડી. લેવી એના કરતા સો રૂપિયાનું પુસ્તક લઈને આખું ઘર વાંચી શકે છે અને આવા પચ્ચીસ પચાસ પુસ્તકો ઘરના બેઠક ખંડમાં હશે તો આવનાર મહેમાનોના મનમાં આપણું સ્થાન પણ ઊંચું અંકાશે. કેમકે પુસ્તક એ સાચા સંસ્કારની નિશાની છે. હું તો ત્યાં સુધી કહું છું કે જે ઘરમાં પુસ્તકો હશે તે ઘરમાં ઈશ્વરની તસ્વીર નહીં હોય, પૂજા-પાઠ ન થાય તો પણ ચાલશે. કેમકે જે કાર્ય ઈશ્વરનું છે તે જ કાર્ય પુસ્તક કરે છે. ઈશ્વરની જેમ પુસ્તક પણ પથદર્શક છે. તેથી જે ઘરમાં પુસ્તકો છે તે ઘર મંદિર બરાબર છે. જો આપણે આપણા ઘરને મંદિર બનાવવું હોય તો થોડા સારા-ઉત્તમ પુસ્તકો ખરીદીને વસાવવા જોઈએ. દર મહિને માત્ર સો-બસો રૂપિયાના પુસ્તકો ખરીદવાનો ક્રમ રાખવો જોઈએ. કોઈને લગ્ન પ્રસંગે-બર્થ ડે કે પાર્ટી વખતે સો-બસોની પ્રેઝન્ટ આપવા કરતા આટલી જ કિંમતમાં એકાદ ઉત્તમ પુસ્તક ખરીદીને એ ભેટ આપીશું તો એનું જીવન પણ સંસ્કારમય બનશે અને આપણી પણ ઈજ્જત વધશે. અલગ નોંધ લેવાશે.

દોસ્તો, હવે આપણે નક્કી કરવાનું છે કે આપણે આપણા બાળકોને ટી.વી. સિરિયલ, વીડિયોગેમ, કોમ્પ્યૂટરને હવાલે કરવું છે કે પુસ્તકોને હવાલે કરીને સુશિક્ષિત અને સંસ્કારી બનાવવું છે ! તો આવો આજથી આપણે પ્રતિજ્ઞા કરીએ કે દર મહિને ઓછામાં ઓછું એક પુસ્તક તો વસાવીશું જ...! બોલો.. ઓમ પુસ્તકાલય નમઃ...!

ખાધે-પીધે તંદુરસ્ત અને ઢમઢોલ શરીર સૌષ્ઠવ ધરાવતા તે બાવાઓના ચહેરા પર કે તેમની આંખોમાં ક્યાંક સાત્ત્વિકતા નથી દેખાતી, એ લોકોનું લક્ષ્ય ભક્તિ હોતું જ નથી, તેમનું લક્ષ્ય તો સામે બેઠેલા ટોળાને ભરમાવવાનું, હસાવવાનું કે રડાવવાનું જ હોય છે

ટીવીની ધાર્મિક ચેનલોમાં આ શું માંડ્યું છે?
રોહિતોપદેશ
- રોહિત શાહ

રામના નામે પથરા તર્યા હશે કે નહિ એની ખબર નથી, પરંતુ રામના નામે કેટલાક કથાકારો અવશ્ય તરી ગયા છે - તરી રહ્યા છે. જો તમારી પાસે 'રામાયણ' માંથી ઉછીનું લીધેલું ચપટી જ્ઞાન હોય, એ જ્ઞાન ઉપર છંટકાવ કરી શકાય એવી થોડી ઉધારની કાવ્યપંક્તિઓ કે શાયરીઓ તમે ગોખી રાખી હોય, એ ઉપરાંત તમારી પાસે થોડી વાક્પટુતા હોય તો આપણા દેશમાં તમને 'પૂજ્ય' બહતા જરાંય વાર ન લાગે! તમે ગમે ત્યારે અને ગમે ત્યાં રામધૂનનો કાર્યક્રમ જાહેર કરો તો આસાનીથી ટોળેટાળાં ઉમટી આવશે!

ટીવીની ધાર્મિક ચેનલો પરથી સતત રજૂ થતા બકવાસો ચાટ્યા કરનારો એક બહુ મોટો વર્ગ આપણા દેશમાં છે. હવે તો બાવાઓ અને કહેવાતા કથાકારો પોતાનો કંઠ કાંટાળો હોય - બેસૂરો હોય તોય ભાડાના ગવૈયા-બજવૈયા રાખીને ભક્તાણીઓને નચાવવા મંડ્યા છે. ફિલ્મી ગીતોની તર્જ પર આધારિત અગડમ્-બગડમ 'ભજનિયા' પર ઝૂમી ઊઠતા ટોળા દરેક વખતે સાત્ત્વિક નથી લાગતાં. તમારી લાગણી ન દુભાય એટલી સજાગતા રાખીને એક કડવું સત્ય સાંભળો કે એવાં નાચગાનનાં ઘતિંગો જોયા પછી ડાન્સબારની ગરજ નથી જણાતી.

વંઠેલા બાવાઓ અને કોહવાયેલા કથાકારો જૂની-પુરાણી કથાઓમાંથી થોડી નવી શાયરીઓના રંગ ઉમેરીને 'મહાન' કે 'પૂજ્ય' બની બેઠા છે. ખાધે-પીધે તંદુરસ્ત અને ઢમઢોલ શરીર સૌષ્ઠવ ધરાવતા તે બાવાઓના ચહેરા પર કે તેમની આંખોમાં ક્યાંક સાત્ત્વિકતા નથી દેખાતી. એ લોકોનું લક્ષ્ય ભક્તિ હોતું જ નથી, તેમનું લક્ષ્ય તો સામે બેઠેલા ટોળાને ભરમાવવાનું, હસાવવાનું કે રડાવવાનું જ હોય છે. દરેક કથાકાર મારે મન માત્ર કલાકાર છે. એને પૂજ્ય માનવો કે મહાત્મા સમજવો એ આપણી નાદાનિયત છે.

હવે તો ધંધાદારી બાવાઓની જમાતમાં કેટલીક જુવાન-રૂપાળી બાવીઓ પણ પ્રવેશી ચૂકી છે. પોતે રડતાં-રડતાં રાધા-કૃષ્ણના વિરહની વ્યથા ઉલેચે, ગદ્‌ગદ થઇને ચમત્કારની કથાઓનાં ઉકરડાં ઠાલવે, વચ્ચે-વચ્ચે ભાડૂતી ગવૈયા બજવૈયા આલાપ ગૂંથે.

આપણે સમયનું મૂલ્ય કદી સમજ્યા જ નથી. હજારો લોકોનાં ઘાડેઘાડાં હજારો સ્થળોએ કલાકો સુધી આવા રાગડા તાણવા-સાંભળવા અને નાચવા થનગનતાં હોય છે. સાડીનો પાલવ કે દુપટ્ટાનો છેડો કમર પર ખોસી દઇને, બે હાથ ઊંચા કરીને નાચતી ભક્તાણીઓ તરફ કેમેરાઓ પણ સ્થિર થઇ જાય છે. આવા વાહિયાત કાર્યક્રમોનું પાછું લાઇવ ટેલિકાસ્ટ થતું હોય એટલે ઘેર-બેઠાંય ઘણા 'ભક્તો' એનો લાભ લેતા રહે છે. એમ ન સમજશો કે એવી કથાઓમાં બેઠેલા ટોળામાં દરેક વ્યક્તિ ભક્ત જ હોય છે. કેટલાક લોકોને ઘરમાં સતત કંકાસ થતો હોય છે. એનાથી બચવા આવેલા હોય છે. ઘણી સાસુઓ વહુથી એટલો સમય દૂર રહેવાના હેતુથી પણ આવેલી હોય છે. કેટલાક 'પરસાદિયા' ભગતની નજર ભજન કરતાં ભોજન તરફ વિશેષ હોય છે.

આજકાલ તો ગૌમાતા માટે ફંડફાળા ઉઘરાવવાના વિશિષ્ટ કાર્યક્રમો ધાર્મિક ચેનલો પરથી બ્રોડકાસ્ટ થાય છે. ટીવી-સ્ક્રીન પર સંપર્ક માટે ફોન નંબરની પટ્ટી હાંફ્યા વગર દોડ્યા કરતી હોય. તમારે ભક્તિના ઊભરામાં આવી જઇને યથાશક્તિ ડોનેશન આપવું હોય તો ઓનલાઇન વ્યવસ્થા પણ તેમને કરેલી હોય છે.

આપણા દેશમાં ભક્તિનો બિજનેસ ધમધોકાર ચાલે છે. 'ઓહ માય ગોડ' ફિલ્મ જોયા પછીયે આપણે સુધરતા નથી. ભક્તિનો કારોબાર એવો છે કે એમાં કરોડો રૂપિયાની રકમોના વ્યવહાર થતા હોય તોય ઇન્કમ-ટેક્સવાળા કે વેટવાળા કે સર્વિસ-ટેક્સવાળા પજવતા નથી. એ તો ઠીક, લાખો રૂપિતાનું ડોનેશન આપનારા દાતાઓને પણ કદી કશો હિસાબ પૂછતા નથી! શ્વેત-ભગવાં વસ્ત્રો પહેરીને, ટીલાં-ટપકાં તાણીને 'પૂજ્ય' બની બેઠેલા આ બાવાઓ - મહારાજાઓ આપણને ગુમરાહ કરીને આપણા પૈસે લીલાલહેર કરે છે.

કોઇ સાધુને ગરીબ રહેવું નથી. કોઇ સાધુને જંગલના એકાંતમાં કે કશી સગવડો ન મળતી હોય એવા ગામડામાં જઇને - રહીને - તપ સાધના કરવાં નથી. દરેક સાધુને બધુંય ભવ્યાતિભવ્ય જ ખપતું હોય છે. મબલક કમાણી કરાવનારા શ્રીમંતો વસતા હોય એવાં મહાનગરોમાં જ પોતાના ટોળા તગડાં કરવાનાં આજના સાધુઓનું અધ્યાત્મ સમાઇ જાય છે. કોઇ પણ સાધુનો કોઇ પણ કાર્યક્રમ આખરે મુકામ-પોસ્ટ ફંડફાળા પર જ આવી પહોંચતો હોય છે.

પોતાને ક્રાંતિકારી સંત ગણાવતા એક નિર્વસ્ત્ર બાવાજી તો એવા વિચિત્ર આરોહ-અવરોહ કરીને પ્રવચન આપે છે કે રીતસર વાનરવેડા કરતા હોય એવા લાગે છે. તેમને કોઇ પુછતું જ નથી કે, હે નિર્વસ્ત્ર મહારાજ! તમે એવું તે ક્યું કામ કર્યું છે કે તમારી જાતને ક્રાંતિકારી કહો છો? તમે જો ખરેખર જ ક્રાંતિ કરવા માગતા હોય તો એટ લીસ્ટ તમારા શરીર પર એકાદ લંગોટ જેવું તો પહેરવાનું ચાલી કરી બતાવો! તમે સમાજ વચ્ચે રહો છો, કંઇ જંગલમાં જઇને નથી રહેતા, લોકો તમારા તરફ જુએ છે ત્યારે એમની નજર તમારા ક્યા અવયવ તરફ સૌ પ્રથમ મંડાય છે એની સૌને (અને તમનેય) ખબર છે. ધર્મના નામે જે કંઇ થાય તે બધું શોભાસ્પદ અને સામાજિક મર્યાદાઓ મુજબ તો હોવું જોઇએ ને?

ટીવીની ધાર્મિક ચેનલો જાણે અંધશ્રદ્ધાને વ્યાપક અને વેગીલી બનાવવા માટે જ ચાલતી હોય એમ લાગે છે. દર્શકોને એમ લાગે છે કે આ બાપજી કે આ મહારાજ સેવા અને ભક્તિનું કેવું સુંદર કાર્ય કરે છે! હકીકતમાં એ પેઇડ પ્રોગ્રામ્સ હોય છે. એનું મહત્ત્વ જાહેરાતથી વિશેષ જરાય નથી. એક ચક્રમ 'આત્મજ્ઞાની' તો વાતે-વાતે શરીર અને આત્માને અલગ પાડવાનો વાણીવિલાસ કરે છે અને સૌને ઊંધા રવાડે ચઢાવે છે. શરીર અને આત્માને અલગ પાડવાના તેના પેંતરા એવા હાસ્યાસ્પદ હોય છે કે ટીવી બંધ કરી દેવાનું જોમ ઊમટે!

જો તમે સ્વચ્છ, સાત્ત્વિક અને ભેળસેળ વગરનું સો ટકા શુદ્ધ ચિંતન જાણવા ઉત્સુક હોય તો 'અવેકિંગ વિથ બ્રહ્માકુમારીઝ' કાર્યક્રમ અચૂક જોજો. સાધ્વી શિવાની એ કાર્યક્રમમાં માનવજીવનને લગતું, આપણા દૈનિક જીવનને સ્પર્શતું જે ચિંતન આપે છે એ અદ્‌ભૂત છે. એમાં ક્યાંક ધર્મનાં ક્રિયાકાંડ નથી કે ક્યાંક મોક્ષનાં તરંગી ખ્વાબ નથી. આવા કાર્યક્રમો દરેક ધાર્મિક ટીવી-ચેનલ આપે તો નો પ્રોબ્લેમ.

રેવન્યુ રેકર્ડમાં નામ દાખલ ના થયેલ હોય તો પણ માલિકી હક્ક સાબીત થઈ શકે છે મહેસુલ અધિકારીને જમીન મિલ્કતના માલિકી હક્ક નક્કી કરવાની સત્તા નથી

રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી માલિકી હક્ક મેળવ્યા બાદ રેવન્યુ રેકર્ડમાં નામ ચઢે તો જ માલિક તરીકે દાખલ થયેલા ગણાય તેવી માન્યતા સામાન્ય રીતે પ્રવર્તે છે પરંતુ હકિકતમાં કોઈપણ જમીન અગર મિલ્કતના માલિકનું નામ ૭-૧૨ યા સીટી સર્વેની નકલમાં પુરાવાકીય મૂલ્ય નથી રેવન્યુ રેકર્ડ માત્ર ફિસ્કલ રેકર્ડ છે તેવો સિધ્ધાંત નામદાર ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં સીવીલ એપ્લીકેશન નં. ૩૬૮૩/૦૨ ના કેસમાં પ્રસ્થાપિત કરેલ છે.

અરજદારે રજીસ્ટ્ર વિલથી માલિક બનેલ જેના આધારે દત્તક વિધાનના દસ્તાવેજો ઉપર આધાર રાખેલ જેને રેવન્યુ ઓથોરીટીએ પડકારતા દત્તક વિધાનના લેખથી હિન્દુ એડોપ્શન એન્ડ મેઈન્ટેનન્સ એકટની કલમ ૧૦(૮૪) નો ભંગ થતો હોવાનું અનુમાન કરેલ તેમજ તે અંગે કરવામાં આવેલ રજીસ્ટ્ર વીલની કાયદેસરતાને પણ પડકારવામાં આવેલી અને કલેકટરશ્રી તથા મુખ્ય સચિવશ્રીએ એવું અનુમાન કરેલ કે વાદગ્રસ્ત મિલ્કત વડિલોપાર્જીત હોવાથી મૃતકને વીલ કરવાની સત્તા ન હતી વીલ ફક્ત સ્વપાર્જીત મિલ્કતનું જ થાય તેવો મહત્વનો નિર્ણય કરવાની સત્તા રેવન્યુ ઓથોરીટીને નથી આ મુદ્દા અંગે નિર્ણય કરવા માટે માત્ર સીવીલ કોર્ટને જ હુકમત છે.

નામદાર ગુજરાત હાઈકોર્ટ સદર કિસ્સામાં એવા તારણ ઉપર આવેલ કે જે કોઈ વ્યકિત કોઈ જમીન પરત્વે માલિકી હક્કનો દાવો કરતી હોય તો તેનું નામ મહેસુલી દફતર ચાલતુ ન હોવા છતાં પણ તેની માલિકી હક્ક સાબીત કરી શકે છે અને તેથી પણ મહેસુલી અધિકારીએ નામદાર સીવીલ કોર્ટના હુકમ સુધી રાહ જોવી જોઈએ મહેસુલી અધિકારીને જમીન / મિલ્કતના માલિકી હક્ક નક્કી કરવાની સત્તા નથી તેમજ મહેસુલી નોંધોનું પુરાવાકીય મૂલ્યાંકન ના થઈ શકે જમીન / મિલ્કત ઉપર પોતાની માલિકી હક્ક દાખલ કર્યા સીવાય પણ પોતાનો માલિકી હક્ક, દાવો વ્યકિત કરી શકે છે મહેસુલી અધિકારી માત્ર આવા માલિકી અંગેના દિવાની અદાલતના નિર્ણયને અનુસરવા માટે બંધાયેલ છે તે અંગે દિવાની અદાલતના વચગાળાના અનુમાનને તારણને રેવન્યુ અધિકારીએ ફરજીયાત માનવા પડે છે હુકમનુ પાલન કરવા બંધાયેલ છે.

વાત કાનૂન કાયદાની...
- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com

જયારે કોઈ વ્યકિત કે સંસ્થાનું નામ કોઈપણ આધાર પુરાવા સાથે હક્ક પત્રકમાં દાખલ કરવા અરજી આવે તો તેના અનુસંધાને જો કોઈપણ વ્યકિત કે સંસ્થા તરફથી તેની માલિકી હક્ક, હિત સંબંધે તકરાર ઉપસ્થિત કરવામાં આવે તો જમીન મિલ્કતના હક્કપત્રમાં એન્ટ્રી પાડતા સમયે ટાઈટલ સંબંધિત તકરાર ઉપસ્થિત થાય તેવા સંજોગોમાં રેવન્યુ ઓથોરીટીએ ટાઈટલ સંબંધિ